## MEDIA COVERAGE –

## TATA POWER ORGANIZES MALARIA DETECTION AND ERADICATION CAMPS AT ITS MUNDRA PROJECT SITE

**Jai Hind, Rajkot**

19 August 2011



# ટાટા પાવરે તેની મુંદ્રા પ્રોજેકટ સાઈટ ખાતે મેલેરિયા નિદાન અને નિર્મૂલન કેમ્પનું આયોજન કર્યુ

## સમયસર મેલેરિયાનાં નિદાન અને સારવારદ્વારા રોગચાળાને નાથવામાં મદદ કરી

રાજકોટ: સામુદાયિક આરોગ્યની જાળવણી માટેનાં પોતાનાં અવિરત પ્રયાસોને આગળ ધપાવતાં ટાટા પાવરની પેટા કંપની કોસ્ટલ ગુજરાત પાવર લિમીટેડ (સીજીપીએલ)દ્વારા તેની મુંદ્રા અલ્ટ્રા મેગા પાવર પ્રોજેકઢ સાઈટ ખાતે મેલેરિયા નિદાન અને નિર્મૂલનનાં આઠ કેમ્પ્સનું આયોજન કરવામાં આવ્યું હતુ.

ચોમાસા દરમીયાન મેલેરિયાનો રોગ વધુ પ્રમાણમાં વકરતો હોવાનાં કારણે તેની રોકથામ માટે પગલા લેવા અત્યંત જરૂરી છે. આ બાબતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ટાટા પાવરની તબીબી ટીમે ડો. એન.એન. જહાનાં નેતૃત્વમાં કંપનીનાં સાઈટ કેમ્પમાં તથા ખાનગી કોલોનીઝમાં કંપનીનાં કામદારોનાં રહેણાંક વિસ્તારમાં આઠ તબીબી નિદાન કેમ્પનું આયોજન કર્યુ હતુ.

આ પ્રસંગે બોલતાં સીજીપીએલનાં એકિઝકયુટિવ ડિરેકટર આલોક કાનાગતે જણાવ્યું હતું કે અમારી પ્રોજેકટ સાઈટ સાથે સંકળાયેલા લોકોનાં કલ્યાણ માટે અમે પ્રતિબંધ્ધ છીએ. અમારી આ પહેલ, ટાટા પાવર ખાતે અમે લોકોની કાળજીનું પુરતુ ધ્યાન રાખીએ છીએ તે બાબતનો પુનરોચ્ચાર કરે છે. અમે આવી પહેલ ભવિષ્યમાં પણ જારી રાકીશુ.

**Aajkal, Rajkot**

18 August 2011

# ટાટા પાવરે તેની મુંદ્રા પ્રોજેક્ટ સાઈટ ખાતે મેલેરિયા નિદાન અને નિર્મૂલન કેમ્પનું આયોજન કર્યું

રાજકોટ

સામુદાયિક આરોગ્યની જાળવણી માટેના પોતાના અવિરત પ્રયાસોને આગળ ધપાવતા ટાટા પાવરની પેટાકંપની કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ (સીજીપીએલ) દ્વારા તેની મુંદ્રા અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટ સાઈટ ખાતે મેલેરિયા નિદાન અને નિર્મૂલનના આઠ કેમ્પસનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચોમાસા દરમિયાન મેલેરિયાનો રોગ વધુ પ્રમાણમાં વકરતો હોવાના કારણે તેની રોકથામ માટે પગલા લેવા અત્યંત જરૂરી છે. આ બાબતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ટાટા પાવરની તબીબી ટીમે ડો. એન.એન. જહાના નેતૃત્વમાં કંપનીના સાઈટ કેમ્પમાં તથા ખાનગી કોલોનીઝમાં કંપનીના કામદારોના રહેણાંક વિસ્તારમાં આઠ તબીબી નિદાન કેમ્પનું આયોજન કર્યુ હતું. આ પ્રોજેકટમાં સાઈટમાં હાલ ૧૧,૦૦૦થી વધુ કામદારો કામ કરે છે.

બે મહિનાના ગાળામાં યોજવામાં આવેલા આ કેમ્પ્સ દરમ્યાન ૮૦૨ કામદારોની ચકાસણી કરાઈ હતી. જેમાંથી મેલેરિયાના ૯૮ કેસો નોંધાયા હતા. મેલેરિયાગ્રસ્ત દર્દીઓની સફળતાપૂર્વક સારવાર કરવામાં આવી હતી. જેનાથી આ રોગને વધુ ફેલાતો અટકાવવામાં મદદ મળી હતી.

આ પ્રસંગે બોલતા સીજીપીએલના એકઝીક્યુટીવ ડીરેકટર આલોક કાનાગતે જણાવ્યું હતું કે અમારી પ્રોજેકટ સાઈટ સાથે સંકળાયેલા લોકોના કલ્યાણ માટે અમે પ્રતિબંધ્ધ છીએ. અમારી આ પહેલ ટાટા પાવર ખાતે અમે લોકોની કાળજીનું પુરતુ ધ્યાન રાખીએ છીએ તે બાબતનો પુનરોચ્ચાર કરે છે.

**Aaspaas, Rajkot**

18 August 2011

## ટાટા પાવરે તેની મુંદ્રા પ્રોજેક્ટ સાઈટ ખાતે મેલેરિયા નિદાન અને નિર્મૂલન કેમ્પનું આયોજન કર્યું

સામુદાયિક આરોગ્યની જાળવણી માટેના પોતાના અવિરત પ્રયાસોને આગળ ધપાવતા ટાટા પાવરની પેટાકંપની કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ (સીજીપીએલ) દ્વારા તેની મુંદ્રા અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટ સાઈટ ખાતે મેલેરિયા નિદાન અને નિર્મૂલનના આઠ કેમ્પ્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચોમાસા દરમિયાન મેલેરિયાનો રોગ વધુ પ્રમાણમાં વકરતો હોવાના કારણે તેની રોકથામ માટે પગલાં લેવા અત્યંત જરૂરી છે. આ બાબતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ટાટા પાવરની તબીબી ટીમે ડો. એન. એન. જહાના નેતૃત્વમાં કંપનીના સાઈટ કેમ્પમાં તથા ખાનગી કોલોનીઝમાં કંપનીના કામદારોના રહેણાંક વિસ્તારમાં આઠ તબીબી નિદાન કેમ્પનું આયોજન કર્યું હતું. આ પ્રોજેક્ટમાં સાઈટમાં હાલ ૧૧,૦૦૦ થી વધુ કામદારો કામ કરે છે. બે મહિનાના ગાળામાં યોજવામાં આવેલા આ કેમ્પ્સ દરમિયાન ૮૦૨ કામદારોની ચકાસણી કરાઈ હતી, જેમાં મેલેરિયાના ૯૮ કેસો નોંધાયા હતા. મેલેરિયાગ્રસ્ત દર્દીઓની સફળતાપૂર્વક સારવાર કરવામાં આવી હતી જેનાથી આ રોગને વધુ ફેલાતો અટકાવવામાં મદદ મળી હતી. આ પ્રસંગે બોલતાં સીજીપીએલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી આલોક કાનાગતે જણાવ્યું હતું કે અમારી પ્રોજેક્ટ સાઈટ સાથે સંકળાયેલા લોકોના કલ્યાણ માટે અમે પ્રતિબદ્ધ છીએ. અમારી આ પહેલ, ટાટા પાવર ખાતે અમે લોકોની કાળજીનું પુરતું ધ્યાન રાખીએ છીએ તે બાબતનો પુનરોચ્ચાર કરે છે, અમે આવી પહેલ ભવિષ્યમાં પણ જારી રાખીશું.

**Aajkal**

13 August 2011

## સમયસર મેલેરીયાના નિદાનથી રોગચાળાને નાથવામાં મદદ મળે

મુન્દ્રા

મુન્દ્રા અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટ સાઈટ ખાતે મેલેરીયા નિદાન, નિર્મુલન કેમ્પ યોજાયો હતો.

સામૂહિક આરોગ્યની જાળવણી માટેના પોતાના અવિરત પ્રયાસોને આગળ ધપાવતા ટાટા પાવર ની પેટાકંપની કોસ્ટલ ગુજરાત પાવર લીમીટેડ (સીજીપીએલ) દ્વારા તેની મુંદ્રા મેગાપાવર પ્રોજેક્ટ સાઈટ ખાતે મેલેરીયા નિદાન અને નિર્મુલનના આઠ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચોમાસા દરમિયાન મેલેરિયાનો રોગ વધુ પ્રમાણમાંવકરતો હોવાના કારણે તેની રોકથામ માટે પગલાં લેવા અત્યંત જરૂરી છે. આ બાબતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ટાટા પાવરની તબીબી ટીમે ડો. એન એન જહાના નેતૃત્વમાં કંપનીના સાઈટ કેમ્પમાં તથા ખાનગી કોલોની માં કંપનીના કામદારોના રહેણાંક વિસ્તારમાં આઠ તબીબી નિદાન કેમ્પનું આયોજન કર્યું હતું. આ પ્રોજેકટમાં સાઈટમાં હાલ ૧૧,૦૦૦ થી વધુ કામદારો કામ કરે છે.

બે મહીનાના ગાળામાં યોજવામાં આવેલા આ કેમ્પસ દરમિયાન ૮૦૨ કામદારોની ચકાસણી કરાઈ હતી. જેમાથીમેલેરીયાના ૯૮ કેસો નોંધાયા હતા. મેલેરીયા ગ્રસ્ત દર્દીઓની સફળતાપૂર્વક સારવાર કરવામાં આવી હતી.

આ પ્રસંગે સીજીપીએલના એક્ઝિકયુટીવ ડિરેકટર આલોક કાનાગતે વકતવ્ય આપ્યું હતું.

**Divya Bhaskar**

13 August 2011

# મુન્દ્રામાં ટાટા પાવર દ્વારા મેલેરિયા જાગૃતિ કેમ્પમાં ૮૦૨ દર્દી તપાસાયા

ભાસ્કર ન્યૂઝ . ભુજ

ટાટા પાવરની પેટાકંપની કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ(સીજીપીએલ)દ્વારા તેની મુન્દ્રા અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટ સાઈટમાં મેલેરિયા અને નિર્મૂલન કેમ્પ યોજાયો હતો. મેલેરિયા ડામવા માટે ચોમાસામાં જાગૃત્તિ જરૂરી છે તે ધ્યાનમાં રાખીને આવું આયોજન કરવામાં આવ્યું હતું.

ટાટા પાવરની તીબીબી ટીમના ડો. એન.એન. જહાના નેતૃત્વમાં કંપનીના સાઈટ કેમ્પમાં તથા ખાનગી કોલોનીઝમાં કંપનીના કામદારોના રહેણાંક વિસ્તારમાં આઠ તબીબી નિદાન કેમ્પમાં ૮૦૨ કામદારોની તપાસણી કરાઈ હતી; જેમાં મેલેરિયાના ૯૮ કેસો નોંધાયા હતા. સીજીપીએલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર આલોક કાનાગતે જણાવ્યું હતું કે લોકસેવા માટે અમે કટિબદ્ધ છીએ અને આ મારી કંપની દ્વારા લોકોની કાળજી પણ રાખવામાં આવી રહી છે. જેથી આસપાસના ગ્રામ્ય લોકોને ફાયદો થઈ શકે.

**Kutch Mitra**

13 August 2011

# મુંદરા તાલુકામાં મેલેરિયા સામે કેમ્પ યોજાયો

**ટાટા પાવર કંપનીએ યોજેલા શિબિરનો ૮૦૨ કામદારોએ લાભ લીધો**

ભુજ, તા. ૧૨ : સામુદાયિક આરોગ્યની જાળવણી માટેના પોતાના અવિરત પ્રયાસોને આગળ ધપાવતાં ટાટા પાવરની પેટા કંપની કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ દ્વારા મુંદરા અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટ સાઈટ ખાતે મેલેરિયા નિદાન અને નિર્મૂલનના આઠ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચોમાસા દરમ્યાન મેલેરિયાનો રોગ વધુ પ્રમાણમાં વકરતો હોવાના કારણે તેની રોકથામ માટે પગલાં લેવા અત્યંત જરૂરી છે. આ બાબતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ટાટા પાવરની તબીબી ટીમે ડો. એન.એન. જહાના નેતૃત્વમાં કંપનીના સાઈટ કેમ્પમાં તથા ખાનગી કોલોનીમાં કંપનીના કામદારોના રહેણાકના વિસ્તારમાં કેમ્પ યોજ્યો હતા. સાઈટમાં હાલ ૧૧ હજારથી વધુ કામદારો કામ કરે છે તેમાંથી ૮૦૨ની ચકાસણી કરાઈ હતી, જેમાંથી મેલેરિયાના ૯૮ કેસો નોંધાયા હતા. મેલેરિયાગ્રસ્ત દર્દીઓની સારવાર કરવામાં આવી હતી. સીજીપીએલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર આલોક કાનાગતે જણાવ્યું હતું કે પ્રોજેક્ટ સાઈટ સાથે સંકળાયેલા લોકોના કલ્યાણ માટે અમે પ્રતિબદ્ધ છીએ. ટાટા પાવર ખાતે અમે લોકોની કાળજીનું પૂરતું ધ્યાન રાખીએ છીએ, આવી પહેલ ભવિષ્યમાં પણ જારી રાખીશું.

સીજીપીએલએ ૪ હજાર મે.વો.ના મુંદરા યુએમપીપીની સ્થાપના અને સંચાલન માટે રચાયેલી સ્પેશિયલ પર્પઝ વ્હીકલ છે. સીજીપીએલ દ્વારા પાંચ રાજ્યોના સાત ખરીદદારો સાથે વિતરણ લાઈસન્સીસ કરારાધીન ક્ષમતાના વેચાણ માટે પાવર ખરીદી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ પાંચ રાજ્યોમાં ગુજરાત, મહારાષ્ટ્ર, હરિયાણા, રાજસ્થાન અને પંજાબનો સમાવેશ થાય છે. ભારતનો પ્રથમ યુએમપીપી અત્યંત ઝડપથી વિકાસ તરફ આગળ વધી રહ્યો છે અને તેનું પ્રથમ એકમ ટૂંક સમયમાં કાર્યરત થશે.

દરમ્યાન કંપની વિશે માહિતી આપતાં જણાવાયું હતું કે દેશની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી પાવર યુટિલિટી કંપની છે જેની સ્થાપિત ઉત્પાદનક્ષમતા ૩૧૨૦ મે. વો.થી વધુ છે. ટાટા પાવર, પાવર ક્ષેત્રના તમામ વિભાગો જેમ કે ઉત્પાદન (થર્મલ, હાઈડ્રો, સોલાર તથા વિન્ડ), ટ્રાન્સમિશન, ડિસ્ટ્રીબ્યુશનમાં, ટ્રેડિંગ તથા ફ્યુઅલ મેનેજમેન્ટમાં ઉપસ્થિતિ ધરાવે છે. કંપની પાવર જનરેશન, ટ્રાન્સમિશન તથા ડિસ્ટ્રીબ્યુશનમાં સફળ જાહેર-ખાનગી ભાગીદારી ધરાવે છે. જેમાં ઉત્તર દિલ્હીમાં ડિસ્ટ્રીબ્યુશન માટે નોર્થ દિલ્હી પાવર લિમિટેડ અને દિલ્હી વિદ્યુત બોર્ડ, ભુતાનના તાલા હાઈડ્રો પ્રોજેક્ટમાંથી દિલ્હી પાવર લાવવા માટે પાવરલિન્કસ ટ્રાન્સમિશન લિ.નું પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા સાથે તથા ઝારખંડ ખાતે ૧૦૫૦ મે.વો. મેગા પાવર પ્રોજેક્ટ માટે મેઈથન પાવર લિ.ના દામોદર વેલી કોર્પોરેશન સાથેના સહયોગનો સમાવેશ થાય છે.